ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

નિકળે પ્રવાસે ગુજ્જુ કોઈ પ્રયોજન વગર,
મૂકે આંધળી દોટ કોઈ આયોજન વગર,
નિયોજન નતી હોતું કોઈ બેનંબરી નાણાનું -
પછી ખાય ગોળી નિદાનના સંયોજન વગર.

હાઈકુ

બનો ગંભીર
તંદુરસ્તી તરફ
યુવાનો ચેતો !

આંખ મીંચીને
કૂદો નહીં કુવામાં
ખોટું સાહસ!

### ચિંતન

પૂર્વદત્તેષુ યા વિદ્યા પૂર્વદત્તેપ્ર, યુદ્ધનમ્ ।
પૂર્વદત્તેષ, યા ભાર્યા અગ્રે ધાવતિ ધાવતિ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

આ શ્લોકમાં પૂણ્યકર્મનાં બંધનની વાત સમજાવવામાં આવી છે.

પૂર્વ જન્મે કરેલા સત્કર્મો દાન-પુણ્ય અને વિદ્યાદાન અને પૂર્વ જન્મમાં ખોટા - ખરાબ કર્મોનાં પરિણામો પ્રમાણે ભાર્યા પત્ની મળે છે. જે રીતે સાચી કે ખોટી, સારા કે પ્રમાણે દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રી પ્રાપ્ત કરવાનું નિર્માણ કર્યું હોય તે જ અને તેવી જ સ્ત્રી, વિદ્યા અને ધનના દાન આપણી આગળ આવીને ઊભાં રહે છે.

કોઈ સજ્જન-સુંદર-સરળ યુવતીને દુષ્ટ દુરાચારી પતિ કે કોઈ સંત જેવા પતિને રાક્ષસી જેવી પત્ની મળે છે એ વ્યવહારમાં વિચિત્ર દેખાય છે પણ એ આપણા પૂર્વે કરેલાં કર્મોનું ફળ જ છે.

કર્મોને કારણે જે વિદ્યા અભ્યાસની લાઈન મળે, કોઈ સમાજ સેવાની તક મળે કે દુષ્કર્મોની એવી વિદ્યા પ્રાપ્ત થાય જેનાથી ઝેરી દવાઓ હથિયારો કે સમાજને હાનિ કરતાં ધંધા કરવા પડે.

આમ તમે ઈચ્છો કે ન ઈચ્છો ગમે તેવી સાવધાની રાખો છતાં નસીબમાં લખ્યાં હોય એવો જ પતિ કે પત્ની વિદ્યા કે લક્ષ્મી અલક્ષ્મી મળે છે.

### સુવિચાર

- સફર હતો સાગર તો લક્ષ્ય દૂર લાગ્યું, સિંચવેલા સપનાઓમાં પાણી જ પાણી લાગ્યું, નજર હતી જીદ્દી ઘણી... ઊંડાણમાં તરવા ચાલી, ખારાશની એ ખાણમાંથી મોતી શોધી લાવી - **સમીપ જોષી**
- શ્રેષ્ઠત્વ તો કદી ન પૂરી થનારી યાત્રા છે - **બ્રાયન ટ્રેસી**
- પ્રશ્ન એ ન પૂછો કે 'મને જીવનમાંથી શું જોઈએ છે' પણ એ પૂછો કે 'જીવન મારી પાસેથી શું ઈચ્છે છે.' - **એકહાર્ટ ટોલે**
- સાર્થક જીવન વિના મહાન જીવન શક્ય છે, સાર્થક કામ વિના સાર્થક જીવન અશક્ય છે - **જીમ કોલિન્સ**
- પોતાના ધર્મ, જાતિ, વર્ણ, આશ્રમનું અભિમાન કરવું નહીં, માનવ થઈને માનવમાત્રથી પ્રેમ કરવાનો છે - **સંત નિરંકારી**
- કોઈ સંબંધમાં ગેરન્ટી નથી હોતી, સંબંધોનો કોઈ ટ્રેડમાર્ક નથી. સંબંધો તો બસ જીવાતા હોય છે - **ડૉ. શરદ ઠાકર**
- આજનું ઔષધ : વાવડીંગનું ચૂર્ણ મધમાં ચટાડવાથી બાળકોને કૃમિ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ક્રિસ્ટોફર કોલંબસ અમેરિકાની શોધ કરી સ્પેન પાછો ફર્યો. ત્યારે તેની આ શોધ બદલ સ્પેનના રાજાએ સત્કાર સમારંભ રાખ્યો હતો. રાજાના ચમચા દરબારીઓને કોલંબસની ઈર્ષ્યા થતી હતી. કોલંબસને આ વાતનો અંદાજ આવી ગયો હતો. જયારે એ સત્કાર સમારંભમાં પ્રવચન કરવા ઊભો થયો કે એને આગળની હરોળમાં બેઠેલા દરબારીઓને જોઈને સમજી ગયો કે આ લોકો આજ મારું અપમાન થાય તેવું કંઈક કરશે. પ્રવચન શરૂ કરતાં પહેલા અગાઉથી જ તૈયારી સાથે આવેલા કોલંબસે સમાજનો ને કહ્યું, 'મારી પાસે એક ઈંડુ છે. જે કોઈ આ ઈંડાને કોઈ પણ ટેકા વગર આ ઈંડાને ટેબલ પર ઊભું રાખી શકે. હું ઈચ્છું છું કે આ સભામાં આગલી હરોળમાં બેઠેલા મારા વિદ્વાન દરબારી મિત્રો આ સભાને એમની બુદ્ધિનો પરિચય આપે.' ઈર્ષાળુ દરબારી એક પછી એક ઈંડાને ટેબલ પર ઊભું રાખવાના પ્રયાસો કર્યા પણ કોઈને સફળતા મળી નહીં એટલે એક દરબારીએ કોલંબસને કહ્યું, 'હવે આપ જ આ ઈંડાને ટેબલ પર ઊભું રાખી બતાવો.' કોલંબસે હાથમાં ઈંડુ લઈને ધીમેથી એક ભાગ ટેબલ સાથે અથડાવ્યો. આમ કરવાથી એટલે ઈંડાનો ભાગ સપાટ થઈ ગયો પછી ઈંડુ ટેબલ પર ઊભું રહી ગયું. આ જોઈને સામે બેઠેલા દરબારીઓએ કહ્યું, 'આમાં નવું શું છે ? આ તો કોઈ પણ કરી શકે છે.' કોલંબસે કહ્યું, 'તો તમે કોઈએ કેમ એમ ન કર્યું?' આ સાંભળીને સૌ ચૂપ થઈ ગયા.

# ભીડ વચ્ચે સલામતી જાળવવાની છે...

**તંત્રીસ્થાનેથી...**

દેશના અન્ય વિસ્તારોની સરખામણીમાં ગુજરાત વધુ 'સ્વસ્થ' થઈ રહ્યું છે. તે ઘણી શાતાદાયક બાબત છે. કોવિદ-૧૯ લગભગ સંપૂર્ણ પણે નિયંત્રણમાં આવી ગયેલ છે. કયારેક વિસ્ફોટક સ્થિતિએ પહોંચેલ મહાનગર અમદાવાદમાં નવા કેસ નોંધાતા નથી. સ્વાભાવિક છે કે એથી રાજયનું વહીવટીતંત્ર હાશકારો અનુભવે. મૂળે આ રસીકરણનું પરિણામ છે. રસીકરણ પછી આપોઆપ હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ હોય તે શક્ય છે. યુરોપ,અમેરિકા અને જ્યાંથી વાઈરસનો જન્મ થયો હતો તે ચીનના અમુક વિસ્તારોમા ંહજી કોરોનાનો કોઈ ને કોઈ વેરિયન્ટ સક્રિય છે. ભારતમાં ત્રીજી લહેરની દહેશત વ્યાપક પ્રમાણમાં ફેલાઈ હતી, વળી તે જુલાઈ-ઓગસ્ટથી લઈ સપ્ટેમ્બર સુધી પીક પર પહોંચશે એવી આગાહીઓ પણ તજજ્ઞો દ્વારા કરાતી રહી હતી. એમાંનું કશું આજ લગી બન્યું નથી અને દેસ ૧૦૦ કરોડ રસીકરણનો આંકડો વટાવી ચૂક્યો છે. એ કદાચ દેશને વડાપ્રધાનથી લઈ કુદરત સુધીનાં પરિબળોએ આપેલી સૌથી મોટી દિવાળીની ભેટ છે. જો કે તેમ છતાં લોકોએ સાવચેતી તો રાખવી જ રહી. ગયા વર્ષે દિવાળીના તહેવારોમાં ઊમટેલી ભીડ જ કોરોનાની ખતરનાક અને જીવલેણ બીજી લહેરનું નિમિત્ત બની હતી તે ન ભૂલવું જોઈએ. ઉત્સવ માત્ર ભીડ સરજે છે. પછી એ નવરાત્રી હોય, દિવાળી હોય, નાતાલ કે ઈદ હોય - કે પછી ચૂંટણી પ્રચાર અથવા એમાં વિજય મળ્યા પછીનો માહોલ હોય. આથી કેન્દ્ર અને રાજય સરકારે હજી સુધી સતત કોરોનાથી સાવધ રહેવા અંગેની સૂચનાઓ ચાલુ રાખી છે. કોરોના પ્રોટોકોલ બહુ ઓછા લોકો પાળતા દેખાય છે, કારણ કે માસ્ક નહીં પહેરવા બદલ કડક પોલીસ ચેકિંગ કે દંડવિધાન લગભગ બંધ થઈ ગયેલ છે. જીવન સહજ રહે તે આવકારદાયક ગણાય પણ જયારે હજારો લોકો કોરોનાનો કોળિયો બની ચૂક્યા હોય ત્યારે એ અદૃશ્ય વાયરસ સામે પ્રતિકારાત્મક અભિગમ તો જાળવવો જ રહ્યો. લોકોની ભીડ કયારેક રેમડેસિવિર ઈંજેકશનો માટે પણ લાગતી હતી તે ભૂલવા જેવું નથી. આજકાલ અમદાવાદમાં પીનારાઓ બુટલેગરોનાં થાણાં સામે ભીડ લગાવી રહ્યા હોવાના અહેવાલો જોવા મળે છે. ડ્રગ અને દારૂ એકમેકના પૂરક છે. મસિયાઈ છે એમ કહેવામાં પણ અતિશયોક્તિ નહીં થાય. માણસ છેક પથ્થરયુગથી પીતો આવ્યો છે અને જેનાથી મગજ વખત પૂરતું તરબતર થઈ મસ્તીમાં આવી જવાય એવા પદાર્થોનું સેવન કરતો આવ્યો છે. દુનિયા આખી અફીણને ઓળખે છે. દવાદારુ શબ્દ સમાસ તરીકે વપરાય છે. અફીણ અને દારૂને સંપૂર્ણપણે વપરાશ માટે પ્રતિબંધિત કરી દેવામાં આવે તો અડધોઅડધ ફાર્મા કંપનીઓને તાલાં લાગી જાય. દર્દશામક ઔષધિ તરીકે અને કફજન્ય રોગો માટે આ દ્રવ્યો અનિવાર્ય છે. પરંતુ એ જ દ્રવ્યો સામાજિક પ્રતિષ્ઠાની વસ્તુઓ બની ગઈ હોય ત્યારે નશાબંધીનો અમલ કરાવવો કોઈ પણ સરકાર માટે અઘરું જ બની જાય. ડ્રગ્સ તરીકે ઓળખાતી આઈટમો પૈકી ગાંજો અને ભાંગ તો ભારતીય સંતોની રોજિંદી જરૂરિયાત બની ગયેલ છે. ચરસ, હશીશ, હેરોઈન વગેરે ગાંજાનાં જ કુટુંબી છે. જેની પાસે પૈસા વધુ પડતો આવી જાય છે એ મોટું વ્યસન કરે છે, જેની પાસે પૈસો નથી તે પોટલીથી સંતોષ માને છે. આ તમામ નશીલા પદાર્થો અંતે તો આરોગ્યને નુકશાન જ પહોંચાડતા હોય છે અને ખુદ એનું સેવન કરનારાને પણ એની પૂરેપૂરી જાણ હોય છે. પણ એથી વખત પૂરતી જે 'મસ્તી' અનુભવાય છે એ આપણા ગરીબ મજૂરથી લઈ બોલીવુડનાં સેલિબ્રેટી કિડ્સને એની પાછળ ઘેલાં કરી મૂકે છે. સવિશેષ તહેવારોમાં આ ઘેલછા માઝા મૂકી દેતી હોય છે. દિવાળી આવે છે એટલે આ બધી બાબતો વધુ ધ્યાનાર્હ બની રહે છે. સરકાર આ બધી બાબતો સંદર્ભે ઘણું બધું કરતી રહી છે અને હજી પણ કરતી રહેશે; પણ અંતે તો વ્યક્તિએ જ પોતાની જાત પર નિયંત્રણ રાખવું પડશે. જીવન આનંદ માટે છે. આનંદ જો ડ્રગ્સ અને દારૂ કે અફીણથી મળતો હોય તો એ જીવના જોખમે પણ મેળવવાની મનોવૃત્તિ માનવજાતના કડક કાયદાઓ છતાં પીનારા અને નશો કરનારાઓની સંખ્યા ઘટતી નથી. સવિશેષ આવી વ્યક્તિઓની પ્રતિકાર શક્તિ ઘટી જતી હોય છે અને તે પેન્ડેમિકના પહેલા શિકાર બની જતા હોય છે સમાજમાં આ માટે જાગૃતિ અને લોકશિક્ષણ પણ રસીકરણ જેટલાં જ જરૂરી છે.

# ક્રિકેટ : મનોરંજનનો નવો ધંધો



મન-રંજન
ધ્વનિલ પારેખ

આપણા સમયમાં મનોરંજનનાં સાધનો દિવસે દિવસે બદલાતાં જાય છે. રેડિયોથી માંડીને હવે તો વિવિધ વેબસાઈટ્સ મનોરંજનનાં સાધનો તરીકે ઉપલબ્ધ છે. પણ હવે, એવું લાગે છે કે રમતજગત પણ મનોરંજન જગતની સ્પર્ધામાં ઊતરી રહ્યું છે. એમાં ક્રિકેટની રમત ખાસ. હમણાં ટી-૨૦ વર્લ્ડકપ ચાલી રહ્યો છે ૨૪ તારીકે ભારત-પાકિસ્તાનની મેચ વખતે જે રોમાંચ આખા દેશમાં હતો એ રોમાંચ કોઈ પણ રોમાંચક, થ્રીલર, વેબસિરીઝથી જરા પણ ઓછો નહોતો. ક્રિકેટની રમત પણ હવે મનોરંજનનું સાધન બની ગઈ છે, ને એમાં પણ ટી-૨૦ આવ્યા પછી એના દ્વારા મળતા મનોરંજનમાં પણ ઉછાળો આવ્યો છે.

ક્રિકેટની રમત એક ગંભીર પ્રકારની રમત છે. એમાં પણ ૫ દિવસની ટેસ્ટ મેચમાં એક બેટ્સમેન તરીકે તમારી કસોટી થતી હોય છે. આખો દિવસ પીચ પર રમવા માટે સહનશક્તિ ઉપરાંત તમારી સૂઝ પર હોવી જરૂરી છે. સુનિલ ગવાસ્કર જેવા બહુ ઓછા બેટ્સમેનમાં એવી ધીરજ અને ધૈર્ય જોવા મળે એ પચી એદ દિવસીય મેચ પસાય ઓવરનો જમાનો આવ્યો. એક દિવસીય ક્રિકેટ મેચે ક્રિકેટની રમતમાં થોડો મનોરંજનનો મસાલો ઉમેર્યો. રોમાંચ વધ્યો. અંતિમ બોલ સુધી પરિણઆમની ખબર ન પડે એવી રસાકસી થતી હતી. પાકિસ્તાન સાથેની એક મેચમાં ચેતન શર્માના અંતિમ બોલે જાવેદ મિયાદાદે છ રન ફટકારીન આખી મેચનું પરિણામ બદલી નાખ્યું હતું. એ એક દિવસીય મેચનો પર રોમાંચ જુદો !

આ ટી-૨૦ નર્યો મનોરંજનનો ધંધો હોય એવું લાગે છે. એમાં પણ આઈપીએલ તો જાણે સટ્ટો અને મોટો ધંધો હોય એવું લાગે છે. લલિત મોદી નામના એક વ્યક્તિના ભેજાની પેદાસ એવી આઈપીએલ એ માત્ર કમાવા અને મનોરંજન માટે છે. એમાં ક્રિકેટની સાચી રમત કયાંક દેખાતી નથી. દર ચાર રને કે છ રને ચિયર ગર્લ્સ જે રીતે નાચતી હોય છે એમાં અભદ્ર પ્રદર્શન સિવાય બીજું શું હોય છે ? આઈપીએલ અને ટી-૨૦ વર્લ્ડકપથી ખેલાડીઓને પણ ખબર પડી ગઈ છે. આ તો રોકડિયો પાક છે. આમાં ટેસ્ટ મેચને કોણ યાદ કરે ? જયાં ખેલાડીની વધારે કસોટી થતી હોય એવી ટેસ્ટમેચ ધીમે ધીમે ભૂતકાળ બની જશે. ટી-૨૦નું આકર્ષણ, એની ઝાકઝમાળ, એમાં મળતો પૈસો - આ બધાંએ ક્રિકેટની રમતને રમત ન રહેવા દેતા મનોરંજનનું સાધન બનાવી દીધું. મનોરંજનનું સાધન કહેવા કરતા એમ કહેવું વધારે વાજબી લાગે છે કે ક્રિકેટ અને મનોરંજન માટેનો નવો ધીકતો ધંધો છે. આઈપીએલમાં હવે આવતા વર્ષથી અમદાવાદની ટીમ પણ ઉમરાશે એટલે સ્પર્ધા વધશે. સ્પર્ધા વધશે તેમ મનોરંજન પણ વધે અને ધંધો પણ વધે. સાચા ક્રિકેટના રસિકોનો રસ ક્રિકેટમાંથી ઊઠી જાય એ સ્વાભાવિક છે. રમત રમત ન રહેતા હવે ધંધો બની ગઈ છે.

# ઘરની સાફસફાઈ તો થશે મારા ભાઈ, પણ...



મનના ઉમંગો
રણછોડ પરમાર

સરિતાબેન, જય શ્રી કૃષ્ણ.

જયશ્રી કૃષ્ણ, તરલિકાબેન ?

શું કરો છો તમે ? કાંઈ સાંભળ્યું તમે ?

શું થયું ? સરકારે કોરોનાની સો કરોડ લોકોને રસી આપવાનો રેકોર્ડ કર્યો તે ?

ના, ભાઈ ના.

તો પછી.... કંઈ પેટ્રોલના ભાવમાં ઘટાડો તો નથી કર્યો ને ?

પેટ્રોલના ભાવની વાત સાંભળીને કામ કરતાં કરતાં જરાક ઘર બહાર આવેલા કુસુમબેન તરત બોલી ઊઠ્યા, હે પેટ્રોલના ભાવ ઘટ્યા ? કેટલા ઘટ્યા ? હું એમને ગાડી ફુલ કરાવવા ફોન કરી દઉં ?

અરે ઘેલી કુસુમબેન, આ સરકાર આવી ત્યારથી ભાવ ઘટવાની વાત કદી સાંભળી છે ખરી ? આ તો હું બીજી જ વાત કરતી'તી.

પેટ્રોલના ભાવ ઘટ્યા નથી ? તો બીજીત્રીજી વાત મારે કશી સાંભળવી નથી. મેં તો પસ્તીનો ઢગલો કર્યો છે ! એમ કહી કુસુમબેન ઘરમાં ઘુસી ગયા. એટલે પાછા તરલિકાબેન બોલ્યા,

તો પછી નવી સરકારમાં કંઈ જૂનો ડખો તો નથી પડ્યો ને ?

ઓ મારી બેન ! હું કુસુમબેન પસ્તી કાઢીને બેઠા છે એની વાત કરું છું.

પસ્તીની વાત ? શું મોદીસાહેબે બધી બહેનોને પસ્તીનો રેકર્ડ કરવાની ભલામણ તો નથી કરી ને ? કે પછી ઘર સાફ કરવા વેક્યુમ ક્લિનર આપવાના છે ?

હે રામ ! તમે વાતને ક્યાંથી કયાં લઈ જાવ છો ?

ભારતની મધ્યમ વર્ગની નારી કરી કરીને પોતાના નફા સિવાય બીજી શી કલ્પના કરી શકે ? અને તમે ઝટ વાત કરતા નથી.

મને એમ કે તમે કાયમ દરેક વાતમાં " મને ખબર છે, મને ખબર છે" એવું બોલ્યા કરો છો તો તમે જાણતા હશો.

ના, મને કશી ખબર નથી. તમે મૂળ વાત કહી દ્યો એટલે મારી ધીરજનોય અંત આવે.

તો સાંભળો. આપણી સોસાયટીનું છેલ્લું ઘર નથી ? એ ઘરવાળા મુકેશલાલ માળિયું સાફ કરવા ઉપર ચડ્યા' તા તે છાપા પર પગ આવતાં લપસ્યા અને આવ્યા હેઠા. છ મહિનાનો ખાટલો થયો ખાટલો.બોલો આ વાતની ખબર હતી તમને ?

ઓ હો ! આ તો મને ખબર જ હતી. પણ મને એમ કે તમે કંઈ નવીન વાત કરવાના હશો !

આમ તો આ નવી વાત જ કહેવાય ! પણ તમને નહોતી ખબર એ વાત નક્કી.



અરે ભાઈ મને ખબર હતી, પણ....

ન્હોતી ખબર હો તરુબેન.

ખબર હતી મારી બહેન.

ચાલો જવા દો એ વાત. હવે ઘરની સાફસૂફીનું કામ કેટલે આવ્યું તે કહોને.

અરે હજુ શરુ જ ક્યાં કર્યું છે ! એમ કરીએ, કાલબાલ આપણે નવી સાવરણીઓ લઈ આવીએ.

ઓ મારી બેન, તું તો બહુ રસીલી. ઘર સાફ કરવા કંઈ નવી સાવરણીઓ થોડી લેવાની હોય ? એ તો જૂની સાવરણીથી જ ચલાવી લેવાનું. પણ તમારે તો જૂની સાવરણી ઠૂંઠા જેવી થઈ ગઈ હશે ને ?

ના રે , એમ તો સારી છે. પણ મને એમ થાય છે કે નવી લઈ લીધી હોય તો સારું.

તો પછી નવી સાવરણી નહીં આવે ત્યાં સુધી સફાઈ શરુ નહીં થાય એમ ને ?

આમ તો સાવ એવું નથી. પણ એમને રજા પડે પછી કંઈ થાય ને ? એમના વગર માળિયે કોણ ચડે ?

હા એ ખરું, આવું ભારે શરીર લઈને તમારાથી તો માળિયે ના ચડી શકાય ને ?

લ્યો બોલો ! મારું શરીર તો તમારા કરતાં ક્યાંય હલકું છે. અને તમારે તો પાછો ઢીંચણનો દુખાવો ય છે ને ?

એ તો ચિકનગુનિયા થયો ત્યારે દુખતા હતા. હવે તો તમે મારી સાથે ચાલીય ના શકો. બોલો લગાવવી છે શરત ?

શરતની વાત પછી પણ તમે હજુ રમણલાલની આખી વાત જાણતા નથી ! એ કહુ ? જો તમને ખબર ના હોય તો....

હવે નથી ખબર બસ. લ્યો કહો હવે .

વાહ ! આજે તમે સાચી વાત બોલ્યા. બાકી તમે કાયમ એમ જ કહેતા હોવ છે કે મને ખબર છે, મને ખબર જ હતી.

હવે તમારે વાત ના કરવી હોય તો હું જાઉં, મારે હજાર કામ છે. હું તમારી પેઠે નવરી નથી.

નવરી તો હુંય નથી. તમારે હજાર કામ હશે તો મારે તો દસ હજાર કામ છે. લ્યો આવજો, જયશ્રી કૃષ્ણ.

અરે સરિતાબેન તમે તો ગુસ્સે થઈ ગયા. આવું તે કાંઈ થતું હશે ? આવું જ થાય ને તમે કાંઈ મારી જેમ નવરા નથી એટલે જવું જ પડે ને ?

અરે મારી બેન ! હું તમારી જેમ વાતોના વડાં કરવા તો કાયમ નવરી જ હોઉં છું. બોલો શી વાત હતી રમણલાલની ?

તો સાંભળો, રમણલાલ કંઈ માળિયામાં ચડ્યાય ન'તા અને છાપા પરથી લપસ્યાય ન'તા.

તો ?

એ તો ઓફિસમાં પાર્ટી રાખી હશે તે એમાં બરાબર લગાવીને આવેલા તે બેઠકરૂમમાં જ લથડિયું ખાઈ ગયા હતા. પણ આવું કોઈને કહેવાય નહીં એટલે માળિયાવાળી વાત બનાવી કાઢી.

જબરુ કહેવાય હો. આપણી સોસાયટીમાં આવા દારૂડિયાઓય રહે છે ?

દારૂડિયાની વાત સાંભળીને ફરીવાર ઘર બહાર આવેલા કુસુમબેન બોલી ઊઠ્યા, હે આપણી સોસાયટીમાં દારૂડિયાઓ રહે છે ? કોણ છે એ લોકો ? અરે મારે તો તમારા ભાઈ હજુ મીટીંગમાંથી ઘેર આવ્યા નથી તેની ચિંતા થાય છે.

" મીટીંગમાં ?" એટલું બોલીને સરિતાબેને તરલિકાબેન સામે આંખ મિચકારી અને એના જવાબમાં તરલિકાબેને એવું મોઢું મચકોડ્યું કે એ મોઢાના મચકોડ વિશે લખવું કોઈપણ સર્જક માટે અસંભવ છે. "મીંટીંગમાં ગયા છે કે પાર્ટીમાં , અમિતકુમાર ?"

પાર્ટી શેની ? આ દિવાળીના બોનસની વિચારણા કરવા મીંટીંગ રાખી હશે . બીજું શું ?

હ..અઅઅ... તો ઠીક. પણ બોનસ મળે તો અમને પાર્ટી આપવાનું ભૂલશો નહીં, હોં કે કુસુમબેન.

અરે તમને ભૂલાતાં હશે મારી બેન. બેસતા વરસે આવજો ને જલસા કરાવીશ જલસા.

બેસતા વરસે નહીં . એ દિવસે તો બધે ગળ્યું ગળ્યું જ ખાવાનું હોય. આપણે લાભપાંચમે રાખીએ. હા,જો ત્યાં સુધી નાસ્તામીઠાઈ વધ્યા હોય તો ! છેલ્લું વાક્ય ત્રણે મહિલાઓ બોલેલી, અલબત્ત મનમાં.

# મમતા ત્યારે પ્રેમભરી આંખે તેમની સામે જોઈ રહી



નવાં કલેવર
નટવર હેડાઉ

પંખીઓનો કલરવ સંભળાતો હતો. વૃક્ષોની ઘટાઓમાંથી સૂર્ય કિરણો ચળાઈને આંગણામાં પથરાઈ રહ્યા હતા. રસ્તા પર લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. કોઈ કોઈ વાહનો થોડી થોડી વારે પસાર તતા હતા.

કાર્તિકભાઈ બંગલાના આગળના ભાગે ગાર્ડન ચેરમાં બેઠા વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા. ઠંડા પવનની લહેરખી તેમને સ્પર્શતાં એક વિચાર તેમના મગજમાં ઝબકી ગયો. તેમણે નજર દૂર સુધી લંબાવી. પ્રભાતનાં પુષ્પો ખીલી ગયાં હતાં. વૃક્ષની એક ડાળ પરથી બીજી ડાળ પર ખીસકોલી દોડાદોડ કરી રહી હતી. તે જોવામાં તેઓ મશગુલ હતા ત્યાં અવાજ સંભળાયો.

'લ્યો તમારી ચ્હા'

તેમણે જોયું તો પત્ની ચ્હાનો કપ હાથમાં લઈ ઊભી હતી.

'મમતા મારે તને આજ એક વાત કરવી છે.' કાર્તિકભાઈએ ચ્હાનો કપ પોતાના હાથમાં લેતા કહ્યું.

'પછી જે કહેવું હોય તે કહેજો, અત્યારે મને ટાઈમ નથી.



મારે રસોડામાં ઘણાં કામ પડ્યાં છે.' મમતા એ છણકો કરતાં કહ્યું.

'હું એની જ વાત કરું છું. બે મિનિટ ઊભી રહે અને મારી વાત સાંભત.'

'જલ્દી બોલો મારે મોડું થાય છે.' મમતાએ અણગમો બતાવતાં કહ્યું.

'જો વાત જાણે એમ છે કે હવે આપણે બંને ઉંમર લાયક થઈ ગયા છીએ. તેથી આપણે સચ્ચાઈનો સામનો કરવો તૈયાર રહેવું જોઈએ.'

'તમે શું કહેવા માંગો છો, હું કંઈ સમજી નહીં.'

તું મને કાલથી રસોડામાં રસોઈ બનાવવાનું, રસોડું સાફસુફ કરવાનું, વાસણ માંજવાનું, ઘરમાં કચરો વાળવાનું, અને ઠાકોરજીની સેવાનું કઈ રીતે કરવી એ મને શીખવજે.' કાર્તિકભાઈ બોલ્યા.

'પણ શું કામ ? અત્યાર સુધી તો એ બધું હું કરું જ છું.'

હું તને એટીએમમાંથી પૈસા કઈ રીતે ઉપાડવા, લાઈટ બીલ, ગેસનું બીલ કઈ રીતે ભરવું, મકાનનો ટેક્સ કઈ રીતે ભરાય તેમજ બજારમાંથી ખરીદી કરવાનું શીખવાડીશ.'

પત્ની આશ્ચર્યચકિત થઈ ગઈ.

'જો હવેથી ઘરનાં જે કામ તું કરે છે એ બધાં તારે મને શીખવવાનાં અને ઘરની બહારનાં જે કામો હું કરું છું એ હું તને શીખવીશ.'

'તમે કહેવા શું માંગો છો?'

આપણા બંનેમાંથી કોઈ એક નહીં રહે ત્યારે તેનું કામ આપણા બંનેમાંથી કોઈએ એક જણે જ કરવું પડશે. ત્યારે એ કોણ શીખવશે. ત્યારે આપણી દરેક જરૂરિયાત કઈ રીતે પૂરી થશે ?'

મમતા ત્યારે પ્રેમભરી આંખે તેમની સામે જોઈ રહી.